# વિદ્યાર્થીના આપઘાત બાદ કોલેજોમાં મેન્ટર-મેન્ટી સિસ્ટમ ફરજિયાત કરાઈ

**વિદ્યાર્થીઓની** માનસિક સ્થિતિ, શૈક્ષણિક અને વ્યક્તિગત મુશ્કેલીઓ પર રહેશે નજર

**સમસ્યા** ઊભી થાય તે પહેલાં જ માર્ગદર્શન, VNSGUએ વિદ્યાર્થીઓની વિગતો મંગાવી

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ સંલગ્ન કોલેજો અને યુનિવર્સિટી વિભાગોમાં મેન્ટર-મેન્ટી સિસ્ટમ ફરજિયાત કરવાનો નિર્ણય લીધો છે. હવે કોલેજોમાં વિદ્યાર્થીઓના જૂથની જવાબદારી એક શૈક્ષણિક કર્મચારીને સોંપવામાં આવશે. મેન્ટર પોતાના જૂથના વિદ્યાર્થીઓ સાથે સતત સંપર્કમાં રહી તેમની સમસ્યાઓ સમજશે અને જરૂરિયાત મુજબ માર્ગદર્શન પૂરું પાડશે. તાજેતરમાં સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે આવેલી મેડિકલ કોલેજના પીજી માઇક્રોબાયોલોજીના પ્રથમ વર્ષના વિદ્યાર્થીના આત્મહત્યાના બનાવ બાદ યુનિવર્સિટીએ આ દિશામાં વધુ સક્રિયતા દાખવી છે. કોલેજમાં ઉપલબ્ધ શૈક્ષણિક કર્મચારીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓના જૂથ બનાવવામાં આવશે. દરેક જૂથ માટે એક શૈક્ષણિક કર્મચારીને મેન્ટર તરીકે જવાબદારી સોંપવામાં આવશે. મેન્ટર માત્ર અભ્યાસ સંબંધિત માર્ગદર્શન પૂરું પાડશે. વિદ્યાર્થીની અન્ય મુશ્કેલીઓ અંગે પણ તેની સાથે વાતચીત કરશે. અભ્યાસમાં મુશ્કેલી, માનસિક તણાવમાં હોય, વ્યક્તિગત સમસ્યાનો સામનો કરતો હોય અથવા કોલેજના વાતાવરણને લગતી કોઈ ફરિયાદ કે મુશ્કેલી હોય તો મેન્ટર સુધી પહોંચવાનો માર્ગ સરળ બનશે.

### મેડિકલ અને પેરામેડિકલ સંસ્થાઓને ખાસ સૂચના

યુનિવર્સિટીએ ખાસ કરીને મેડિકલ કોલેજ તથા એલાઈડ એન્ડ મેડિકલ હેલ્થ કેર સંસ્થાઓને મેન્ટર અને વિદ્યાર્થીઓની વિગતો તાત્કાલિક તૈયાર કરવા સૂચના આપી છે. સંબંધિત સંસ્થાઓએ આગામી ત્રણ દિવસની અંદર નિર્ધારિત ફોર્મેટમાં મેન્ટર તથા વિદ્યાર્થીઓની વિગતો યુનિવર્સિટીના ઈ-મેલ પર મોકલવાની રહેશે.

### મેન્ટર માટે વિદ્યાર્થીઓની જવાબદારી નક્કી થશે

દરેક મેન્ટર હેઠળ કેટલા વિદ્યાર્થીઓ રહેશે તેની વ્યવસ્થા કોલેજે પોતાની વિદ્યાર્થી સંખ્યા અને સ્ટાફની ઉપલબ્ધતા પ્રમાણે કરવાની રહેશે. આ વ્યવસ્થાથી વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેનો સીધો સંપર્ક વધશે અને વિદ્યાર્થીઓને પોતાની મુશ્કેલી રજૂ કરવા માટે કોલેજમાં એક નિશ્ચિત વ્યક્તિ મળી રહેશે.

### સમસ્યા છુપાવવાને બદલે મેન્ટર સુધી પહોંચવાની વ્યવસ્થા

કોલેજોમાં ઘણી વખત વિદ્યાર્થીઓ પોતાની સમસ્યા શિક્ષકો, વાલીઓ કે સંસ્થાના સંચાલન સમક્ષ રજૂ કરતા અચકાતા હોય છે. જરૂરિયાત જણાય ત્યારે મેન્ટર વિદ્યાર્થીને કાઉન્સેલિંગ અથવા સહાય માટે માર્ગદર્શન આપશે.

# આજથી લોકશક્તિ એક્સપ્રેસ વડનગર સુધી લંબાવાઈ

**ટ્રેનને** અમદાવાદ અને વડનગર વચ્ચે મહેસાણા સ્ટેશન પર બંને દિશામાં સ્ટોપેજ

સુરતઃ મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ ટ્રેન નં. 22927/22928 બાંદ્રા ટર્મિનસ- અમદાવાદ - બાંદ્રા ટર્મિનસ લોકશક્તિ એક્સપ્રેસને હવે વડનગર સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનિત અભિષેકની અખબારી યાદી મુજબ આ ટ્રેન 13 ઓગસ્ટ 2026થી બાંદ્રા ટર્મિનસથી અને 14 ઓગસ્ટ 2026થી વડનગરથી નવા સમય મુજબ દોડશે. નવી વ્યવસ્થા અનુસાર ટ્રેન નં. 22927 બાંદ્રા ટર્મિનસ - વડનગર લોકશક્તિ એક્સપ્રેસ 13 ઓગસ્ટ 2026થી બાંદ્રા ટર્મિનસથી રાત્રે 19:40 કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે 06:40 કલાકે વડનગર પહોંચશે. તેવી જ રીતે પરત ફરતી ટ્રેન નં. 22928 વડનગર - બાંદ્રા ટર્મિનસ લોકશક્તિ એક્સપ્રેસ 14 ઓગસ્ટ 2026થી વડનગરથી સાંજે 18:20 કલાકે ઉપડશે અને બીજા દિવસે સવારે 05:25 કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. ટ્રેનને અમદાવાદ અને વડનગર વચ્ચે મહેસાણા સ્ટેશન પર બંને દિશામાં સ્ટોપેજ આપવામાં આવ્યો છે.

ટ્રેનના વિસ્તરણને કારણે અમદાવાદ સ્ટેશન પર આગમન અને પ્રસ્થાનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. રેલવે દ્વારા વધુમાં જાહેરાત કરવામાં આવી છે કે 12 ઓક્ટોબર 2026થી શરૂ થતી મુસાફરીથી ટ્રેન નં. 22927ને ટ્રેન નં. 19017 બાંદ્રા ટર્મિનસ - વડનગર લોકશક્તિ એક્સપ્રેસ તરીકે અને 13 ઓક્ટોબર 2026થી શરૂ થતી મુસાફરીથી ટ્રેન નં. 22928ને ટ્રેન નં. 19018 વડનગર - બાંદ્રા ટર્મિનસ લોકશક્તિ એક્સપ્રેસ તરીકે નવો નંબર આપવામાં આવશે.

# EI કમિશનિંગ માટે વલસાડ સ્ટેશને 21થી 23 ઓગસ્ટ બ્લોક

**કેટલીક** ટ્રેનો ટૂંકી કરવામાં, રદ કરવામાં આવી તો કેટલીક મોડી પડશે

સુરતઃ વલસાડ સ્ટેશન પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગના કમિશનિંગ માટે પશ્ચિમ રેલવે દ્વારા 21થી 23 ઓગસ્ટ દરમિયાન વિવિધ તબક્કામાં નોન-ઈન્ટરલોકિંગ કામ હાથ ધરાશે. કામગીરીને કારણે વલસાડ યાર્ડમાં ટ્રેન સંચાલન પર અસર પડશે અને કેટલીક ટ્રેનો ટૂંકી કરવામાં, રદ કરવામાં, મોડી ચલાવવામાં અથવા રેગ્યુલેટ કરવામાં આવશે.

પ્રથમ તબક્કામાં તા. 21 ઓગસ્ટ અને શુક્રવારે ગુડ્સ સાઈડિંગ નંબર-1, વેસ્ટ સાઈડિંગ ડાઉન, શન્ટિંગ નેક, વેસ્ટ ગુડ્સ અપ-ડાઉન રનિંગ લાઈન્સ, સોર્ટિંગ લાઈન્સ તથા ઈસ્ટ ગુડ્સ અપ-ડાઉન રનિંગ લાઈન પર NI હાથ ધરાશે. સવારે 10 વાગ્યાથી ફાઈનલ NI સુધી ડિસ્કનેક્શન રહેશે. ત્યાર બાદ 22 ઓગસ્ટે મેડિકલ વાન સાઈડિંગ, કેરેજ અને RGM સાઈડિંગ, લોકો એન્ટ્રી-એક્ઝિટ લાઈન, નોર્થ શન્ટિંગ નેક, સાઉથ ડી/એન્ડ સાઈડિંગ, સ્ટેબલિંગ લાઈન તથા વિવિધ લૂપ લાઈન પર કામ થશે. સવારે 9 વાગ્યાથી ફાઈનલ NI સુધી કામગીરી રહેશે.

તા. 23 ઓગસ્ટ અને રવિવારે વલસાડ યાર્ડની અપ-ડાઉન મેઈન લાઈન પર NI હાથ ધરાશે. સવારે 7:30થી બપોરે 12:30 સુધી પાંચ કલાકનો NI બ્લોક અને ત્યારબાદ 12:30થી 3:30 સુધી ત્રણ કલાકનો TFC બ્લોક રહેશે. આ કામગીરી પૂર્ણ થતાં સમગ્ર BL યાર્ડનું EI કમિશનિંગ કામ પૂર્ણ થશે.

### આ ટ્રેનો પ્રભાવિત થશે

21 અને 22 ઓગસ્ટે 12930, 59046, 59023 સહિતની ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ અથવા શોર્ટ ઓરિજિનેટ

22 ઓગસ્ટે 19056 UDN-BDTS સંપૂર્ણ રદ રહેશે.

23 ઓગસ્ટે 20959, 12929, 69151, 19011 અને 04120 સહિતની કેટલીક ટ્રેનો આંશિક રદ

19055, 20996, 69153 અને 22929 સહિત કેટલીક ટ્રેનો સંપૂર્ણ રદ

22921, 69141, 20901, 22718 અને 22953 સહિતની ટ્રેનો 30થી 40 મિનિટ સુધી મોડી થશે

કેટલીક ટ્રેનો 45 મિનિટથી 2 કલાક 15 મિનિટ સુધી રેગ્યુલેટ થશે

અપ દિશાની ટ્રેનોમાં પણ 20 મિનિટથી એક કલાક સુધીના વિલંબની શક્યતા

22210 દુરંતો 2 કલાક 30 મિનિટ, 12472 સ્વરાજ એક્સપ્રેસ 2 કલાક 15 મિનિટ અને 9002 સ્પેશિયલ ટ્રેન 2 કલાક 10 મિનિટ સુધી રેગ્યુલેટ થશે.

# ગણપતિ ઉત્સવ માટે મહારાષ્ટ્ર-ગુજરાત માટે 18 વધારાની સ્પેશિયલ ટ્રેન દોડાવાશે

**મુંબઈ,** વડોદરા, વિશ્વામિત્રી, ઉધનાથી રત્નાગિરિ, સાવંતવાડી માટે સ્પેશિયલ ટ્રેન, સપ્ટેમ્બરમાં મળશે રાહત

સુરતઃ ગણપતિ ઉત્સવ 2026 દરમિયાન વધતી મુસાફરોની ભીડને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવેએ 18 વધારાની સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. પશ્ચિમ રેલવેના નોટિફિકેશન મુજબ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાંથી કોંકણ તરફ જતાં મુસાફરોને રાહત મળશે. મુંબઈથી પણ વધારાની ટ્રેન દોડશે જેમાં મુંબઈ સેન્ટ્રલ - થોકુર, મુંબઈ સેન્ટ્રલ - સાવંતવાડી રોડ અને બાંદ્રા ટર્મિનસ - રત્નાગિરી માટે પણ વીકલી અને 4 દિવસની સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે.

### ગુજરાતથી દોડનારી મુખ્ય સ્પેશિયલ ટ્રેન

» ટ્રેન નં. 09114/09113 વડોદરા - રત્નાગિરી - વડોદરા વીકલી સ્પેશિયલ: વડોદરાથી મંગળવારે તા. 08 અને 22 સપ્ટેમ્બરના રોજ અને રત્નાગિરીથી બુધવારે તા. 09 અને 23 સપ્ટેમ્બરે પરત ફરશે. કુલ 2 ટ્રિપ. » ટ્રેન નં. 09110/09109 વિશ્વામિત્રી - રત્નાગિરી - વિશ્વામિત્રી દ્વિ-સાપ્તાહિક સ્પેશિયલ: વિશ્વામિત્રીથી બુધવાર અને શનિવારે અને રત્નાગિરીથી ગુરુવાર અને રવિવારે દોડશે. કુલ 1 ટ્રિપ. » ટ્રેન નં. 09124/09123 વિશ્વામિત્રી - રત્નાગિરી - વિશ્વામિત્રી વીકલી સ્પેશિયલ: વિશ્વામિત્રીથી અને રત્નાગિરીથી સોમવાર તા. 07 સપ્ટેમ્બરે દોડશે. કુલ 1 ટ્રિપ. » ટ્રેન નં. 09022/09021 ઉધના - રત્નાગિરી - ઉધના વીકલી સ્પેશિયલ: ઉધનાથી અને રત્નાગિરીથી ગુરુવાર તા. 10 સપ્ટેમ્બરે દોડશે. કુલ 1 ટ્રિપ. » ટ્રેન નં. 09030/09029 વલસાડ-રત્નાગિરી - વલસાડ વીકલી સ્પેશિયલ: વલસાડ થી સોમવાર તા. 07 સપ્ટેમ્બરે અને રત્નાગિરીથી મંગળવાર તા. 08 સપ્ટેમ્બરે દોડશે. કુલ 1 ટ્રિપ.

# સુરત જિલ્લા પંચાયતમાં નિ:શુલ્ક આરોગ્ય તપાસ કેમ્પ

**૧૬૦થી** વધુ કર્મીઓની ચકાસણી, એનીમિયાના ૨૮, હાઈપરટેન્શનના ૧૫ અને ડાયાબિટીસના ૧૨ શંકાસ્પદ નવા કેસ સામે આવ્યા



સુરતઃ સુરત જિલ્લા પંચાયત ખાતે પદાધિકારીઓ અને અધિકારી-કર્મચારીઓ માટે નિ:શુલ્ક પ્રાથમિક આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ સમીર મોદી અને જિલ્લા વિકાસ અધિકારી દેવેન્દ્ર પ્રકાશ મીનાની ઉપસ્થિતિમાં યોજાયેલા કેમ્પમાં ૧૬૦થી વધુ લોકોએ આરોગ્ય ચકાસણીનો લાભ લીધો હતો. 'સ્વસ્થ કર્મચારી-સ્વસ્થ કાર્યસ્થળ'ના અભિગમ સાથે યોજાયેલા કેમ્પમાં બ્લડ શુગર, બ્લડ પ્રેશર સહિત વિવિધ તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન એનીમિયાના ૨૮, હાઈપરટેન્શનના ૧૫ અને ડાયાબિટીસના ૧૨ શંકાસ્પદ નવા કેસ સામે આવ્યા હતા.

ઉપરાંત સારવાર હેઠળના હાઈપરટેન્શનના ૧૦ અને ડાયાબિટીસના ૪ કર્મચારીઓનું પણ ચેક-અપ કરાયું હતું. અતિશય હાઈ બ્લડપ્રેશર ધરાવતા ચાર કર્મચારીઓને તાત્કાલિક તબીબી સારવાર આપવામાં આવી હતી. નિષ્ણાતોએ કર્મચારીઓને સંતુલિત આહાર, નિયમિત કસરત અને સ્વસ્થ જીવનશૈલી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

### બાન્દ્રા-જયપુર સાપ્તાહિક સ્પેશિયલના ફેરા 7 સપ્ટેમ્બર સુધી વધ્યા

સુરતઃ સુરતથી જયપુર જતા મુસાફરો માટે રાહતના સમાચાર છે. પશ્ચિમ રેલવેએ મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને બાન્દ્રા ટર્મિનસ-જયપુર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરામાં વધારો કર્યો છે. ટ્રેન નંબર 09706/09705 બાન્દ્રા ટર્મિનસ-જયપુર-બાન્દ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ હવે સપ્ટેમ્બરના પહેલા અઠવાડિયા સુધી મુસાફરો માટે ઉપલબ્ધ રહેશે. આ ટ્રેન નંબર 09706 બાન્દ્રા ટર્મિનસ-જયપુર સાપ્તાહિક સ્પેશિયલના ફેરા હવે 7 સપ્ટેમ્બર 2026 સુધી ચાલુ રહેશે. જ્યારે પરત ફરતી વખતે ટ્રેન નંબર 09705 જયપુર-બાન્દ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલના ફેરા 6 સપ્ટેમ્બર 2026 સુધી વધારવામાં આવ્યા છે. આ નિર્ણયથી ખાસ કરીને સુરત અને દક્ષિણ ગુજરાતથી રાજસ્થાન તરફ મુસાફરી કરતા મુસાફરોને વધારાનો વિકલ્પ મળશે. વધારેલા ફેરા માટે ટ્રેન નંબર 09706 નું બુકિંગ 13 ઓગસ્ટ 2026થી શરૂ થશે.

# ઉમરા ગામે આદિજાતિ લાભાર્થીઓ માટે ખાસ રાત્રિ સેવા સેતુ કાર્યક્રમ

**ધારાસભ્ય** મુકેશ પટેલે કામગીરીની સમીક્ષા કરી



સુરતઃ ઓલપાડના ઉમરા ગામ ખાતે જિલ્લા વહીવટી તંત્ર અને સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરી આદિજાતિ સમુદાયના લાભાર્થીઓ માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (BLC ઘટક) અંતર્ગત ખાસ રાત્રિ સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલ ઉપસ્થિત રહી સમીક્ષા કરી હતી.

લાભાર્થીઓને યોજનાની પ્રક્રિયા, જરૂરી દસ્તાવેજો તથા ઉપલબ્ધ સરકારી સેવાઓ અંગે સ્થળ પર જ માહિતી મળી રહે અને તેમની સમસ્યાઓનું નિરાકરણ થઈ શકે તે માટે વહીવટી તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી. ધારાસભ્ય મુકેશ પટેલે લાભાર્થીઓને આપવામાં આવી રહેલી સેવાઓ અંગે વિગતો મેળવી હતી. તેમણે જરૂરિયાતમંદ પરિવારોને યોજનાઓનો લાભ મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે અને પાત્ર લાભાર્થીઓ સુધી યોજનાનો લાભ સમયસર પહોંચે તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે મુકેશ પટેલે જણાવ્યું હતું કે, વંચિત અને જરૂરિયાતમંદ પરિવારોને આવાસ સહિતની વિવિધ સરકારી યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સરકારની યોજનાઓનો લાભ માત્ર કચેરીઓ સુધી મર્યાદિત ન રહે પરંતુ સમાજના છેવાડાના અને જરૂરિયાતમંદ વ્યક્તિ સુધી પહોંચે તે જરૂરી છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### 'તિરંગા'ના સન્માન...

સી.આર.પાટિલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયા સહિત સાંસદો, ધારાસભ્યો, પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

રાષ્ટ્રભક્તિના રંગમાં રંગતી તિરંગા યાત્રામાં બહોળી સંખ્યામાં સહભાગી થવા સુરતવાસીઓને જિલ્લા કલેક્ટર તેજસ પરમારે અપીલ કરી છે. આ સંદર્ભે તેમણે કહ્યું કે, દેશની આન, બાન અને શાન સમાન તિરંગો દેશભક્તિ, રાષ્ટ્રપ્રેમનું પ્રતિક છે. તિરંગા પ્રત્યે આદરભાવ અને સન્માન વ્યક્ત કરવા માટે સુરતમાં યોજાનાર તિરંગા યાત્રામાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ, એન.સી.સી. કેડેટ્સ, એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ, યુવાનો, પોલીસ જવાનો, સામાજિક સંસ્થાઓ, યુવામંડળો તેમજ મોટી સંખ્યામાં નાગરિકો જોડાશે. યાત્રાના રૂટમાં 10 જેટલા સ્ટેજ બનાવવામાં આવ્યા છે. જેમાં વિવિધ વાદ્ય જૂથો દ્વારા સંગીતની સુરાવલિઓ સાથે દેશભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમો, લોકનૃત્ય, લોકસંગીતની મોહક રજૂઆત કરવામાં આવશે. ગુજરાતની લોકકલાથી લઈને ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ તેમજ રાજસ્થાની લોકસંસ્કૃતિ સુધીના વિવિધ રંગો એક જ સ્થળે જોવા મળશે.

### યાત્રામાં વિવિધ...

શાળાઓના બેન્ડ, હોમગાર્ડ, એનસીસી કેડેટ્સના કરતબો નિહાળવા મળશે. ફાયરના અત્યાધુનિક સાધનો નિદર્શન થશે. ઉદ્યોગકારો, વેપારીઓ, ઈન્ડસ્ટ્રીઝ પ્રતિનિધિઓ, જી.આઈ.ડી.સી., ડાયમંડ, સી.એ., કાપડ ઉદ્યોગ સહિતના વિવિધ એસોસિએશનો, ધાર્મિક સંસ્થાઓ, રમતવીરો, યુવા-મહિલાશક્તિની સક્રિય ભાગીદારી પણ જોવા મળશે. તિરંગા યાત્રા બાદ વીર નર્મદ યુનિવર્સિટીમાં અંદાજે સાંજે 7 વાગ્યે તિરંગા કોન્સર્ટ યોજાશે.

### સિટી અને...

સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ રહેશે.

» ચોકથી કાંદીફળિયા, ડુમસનો રૂટ સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ રહેશે.

» ઉમરા ગામથી કાપોદ્રા, વાયા રીંગ રોડનો રૂટ સરગમ શોપિંગ સેન્ટર સુધી ટૂંકાવવામાં આવ્યો છે.

» કોસાડ ગામથી નર્મદ યુનિ., વાયા ચંદ્રશેખર આઝાદ બ્રિજનો રૂટ વાયા સાયન્સ સેન્ટર ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

### આજે Y...

કરવામાં આવ્યો છે. Y-જંકશનથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધી યોજાનારી આ યાત્રા દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુરત શહેરના ઈન્ચાર્જ પોલીસ કમિશનર વાબાંગ જામીર દ્વારા હંગામી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા મુજબ તા. 13 ઓગસ્ટના રોજ બપોરે 1 વાગ્યાથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી નિયત માર્ગો પર તમામ પ્રકારના વાહનોની અવરજવર તેમજ પાર્કિંગ પર પ્રતિબંધ રહેશે.

### ઈમરજન્સી વાહનોને મુક્તિ

ફરજ પરના પોલીસ વાહનો, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ, સુરત મનપાના વાહનો, આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા વાહનો તથા ગુજરાત સરકારના સરકારી વાહનોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

### આ માર્ગો...

- મગદલ્લા Y-જંકશનથી ગૌરવપથ ચાર રસ્તા સુધીના મુખ્ય માર્ગ પર વાહનોની અવરજવર તથા પાર્કિંગ પર પ્રતિબંધ રહેશે.

**એરપોર્ટ જવા માટે વૈકલ્પિક માર્ગ**

- શહેરથી એરપોર્ટ તરફ જતા વાહનચાલકો અઠવાગેટથી સરદાર બ્રિજ, ગુજરાત ગેસ સર્કલ, પાલ RTO રોડ, ભાઠા ગામ અને ONGC સર્કલ થઈ એરપોર્ટ જઈ શકશે.
- આ ઉપરાંત સાયન્સ સિટી, અણુવ્રત દ્વાર કેનાલ રોડ, આભવા ચાર રસ્તા અને ગવિયર ગામ થઈ એરપોર્ટ પહોંચવાનો વિકલ્પ પણ ઉપલબ્ધ રહેશે.
- એરપોર્ટથી શહેર તરફ આવતા વાહનો માટે પણ રૂટ બદલાયો
- એરપોર્ટથી સુરત શહેર તરફ આવતા વાહનો એસ.કે.નગર ચાર રસ્તાથી આભવા ચોકડી, અગ્રવાલ સ્કૂલ થઈ અણુવ્રત દ્વાર તરફ જઈ શકશે.
- અન્ય વિકલ્પ તરીકે ખજોદ ચોકડી, સરસાણા ડોમ, ભીમરાડ ચેકપોસ્ટ થઈ શ્યામમંદિર તરફ અથવા ONGC ઓવરબ્રિજ અને હજીરા રોડ થઈ પાલ રોડ તરફ જઈ શકાશે.

### દક્ષિણ ગુજરાતમાં...

6 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે ઉમરપાડામાં 4 મીમી, મહુવામાં 2 મીમી અને માંડવીમાં 1 મીમી વરસાદ નોંધાયો હતો. શહેરમાં દિવસ દરમિયાન વાદળછાયા વાતાવરણ સાથે છૂટાછવાયા ઝાપટાં પડ્યા હતા. વરસાદી માહોલ વચ્ચે પણ સુરતના તાપમાનમાં વધારો નોંધાયો હતો. મહત્તમ તાપમાન 31.5 ડિગ્રી નોંધાયું હતું, જે અગાઉની સરખામણીએ દોઢ ડિગ્રી જેટલું વધ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન અડધો ડિગ્રી વધીને 26.2 ડિગ્રી નોંધાયું હતું. હવામાં 79 ટકા ભેજ નોંધાયો હતો, જ્યારે દક્ષિણ પશ્ચિમ દિશામાંથી 8 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાન વિભાગે 12 ઓગસ્ટથી દક્ષિણ ગુજરાતમાં ફરી વરસાદી માહોલ જામવાની આગાહી કરી હતી. આજે વાદળછાયા વાતાવરણ વચ્ચે છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડ્યા બાદ હવે આવતીકાલથી જિલ્લામાં વરસાદનું પ્રમાણ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જેના પગલે આગામી દિવસોમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ફરી વરસાદી માહોલ જોવા મળી શકે છે.

### મુંબઈના સાયકોએ...

ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરવા આદેશ કરાયા હતા. સાયબર ક્રાઈમ વિભાગ દ્વારા વોટ્સએપ કોલ, વિડીયો કોલ અને મોબાઈલ નંબરના આધારે તકનીકી તપાસ હાથ ધરવામાં આવતા આ વિકૃત ઈસમનું લોકેશન મહારાષ્ટ્ર ખાતે મળી આવ્યું છે. આથી સુરત સાયબર ક્રાઈમની એક વિશેષ ટીમ આરોપીને પકડી પાડવા માટે મહારાષ્ટ્ર તરફ રવાના કરવામાં આવી છે.

### નવ રેસિડેન્ટ....

પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડૉક્ટરો દ્વારા કેટલાક દ્વિતીય વર્ષના રેસિડેન્ટ ડૉક્ટરો સામે 'વર્બલ એબ્યુઝ એન્ડ હ્યુમિલિયેશન', એટલે કે મૌખિક અપમાન અને માનસિક હેરાનગતિની ફરિયાદ કરવામાં આવી હોવાનું નોંધાયું છે.

ફરિયાદ મુજબ પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડૉક્ટરોને વારંવાર અપમાનજનક વર્તનનો સામનો કરવો પડતો હતો. સાથે જ તેમના પર કાર્યભાર વધુ હોવાનો પણ રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તપાસ દરમિયાન માઈક્રોબાયોલોજી વિભાગના વડા, ફેકલ્ટી સભ્યો, જુનિયર તથા સિનિયર રેસિડેન્ટ ડૉક્ટરો, ટેકનિશિયન અને અન્ય કર્મચારીઓના નિવેદનો લેવામાં આવ્યા હતા. વિવિધ નિવેદનો અને દસ્તાવેજી પુરાવાઓના અભ્યાસ બાદ રિપોર્ટમાં એવો અંશ નોંધાયો છે કે માઈક્રોબાયોલોજી વિભાગમાં ફરિયાદ કરનારા પ્રથમ વર્ષના નવ રેસિડેન્ટ ડૉક્ટરો સાથે રેગિંગ થતું હોવાનું ફલિત થાય છે. રિપોર્ટમાં નેશનલ મેડિકલ કમિશનના એન્ટી-રેગિંગ ગેઝેટની જોગવાઈઓનો પણ સંદર્ભ લેવામાં આવ્યો છે. ફરિયાદમાં દર્શાવવામાં આવેલા 'વર્બલ એબ્યુઝ એન્ડ હ્યુમિલિયેશન'ના તથ્યો રેગિંગની વ્યાખ્યામાં આવતા હોવાનું તપાસ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

### હવે યુનિવર્સિટી સ્તરે પણ પ્રકરણ મહત્વનું બન્યું

સરકારી મેડિકલ કોલેજના ડીન દ્વારા VNSGUને સુપરત કરાયેલા આ રિપોર્ટમાં રેગિંગની ફરિયાદ અંગેના તારણો સ્પષ્ટ થતાં હવે પ્રકરણ યુનિવર્સિટી સ્તરે પણ મહત્વનું બન્યું છે. ખાસ કરીને પ્રથમ વર્ષના નવ રેસિડેન્ટ ડોક્ટરો સાથે રેગિંગ થયું હોવાનું ફલિત થતું હોવાનો અંશ તથા 'વર્બલ એબ્યુઝ એન્ડ હ્યુમિલિયેશન'ને રેગિંગની વ્યાખ્યામાં સમાવવાનો ઉલ્લેખ તપાસ રિપોર્ટના મહત્વપૂર્ણ મુદ્દા બન્યા છે.

### કમિટીના રિપોર્ટમાં....

કોઈ સત્તાવાર ફરિયાદ પ્રાપ્ત થઈ નહોતી, તેમ રિપોર્ટમાં જણાવાયું છે. આથી રિપોર્ટમાં એક તરફ રેગિંગની ફરિયાદને લઈને તારણ આપવામાં આવ્યું છે, જ્યારે બીજી તરફ ડો. હર્ષ પંડ્યાના અપમૃત્યુને રેગિંગના કારણે થયેલી ઘટના તરીકે સીધી રીતે નિષ્કર્ષિત કરવામાં આવ્યું નથી. જે કમિટિની માત્ર સરકાર અને તંત્રના આંખે ધુળ નાખવાનું કામ કરવામાં આવી રહ્યું હોવાનું જણાઈ આવે છે.

### આટલી ગંભીર....

નોંધાયું છે. વિભાગમાં કાર્યરત વિવિધ સ્તરના કર્મચારીઓ અને રેસિડેન્ટ ડોક્ટરો પાસેથી મળેલી માહિતીના આધારે સમગ્ર ઘટનાક્રમને સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આટલી ગંભીર ઘટનામાં પણ ફેકલ્ટીએ એક્શન લેવાની જગ્યાએ સમાધાન કરાવવાનો પ્રયાસ કર્યો હતો.

### રેગિંગ કરનારા....

સ્ક્વોડની તપાસમાં ચોંકાવનારી વિગતો સામે આવી હોવાનું જાણવા મળ્યું છે. તપાસ મુજબ ચારેય સિનિયર ડોક્ટરો મૃતક ડો. હર્ષ પંડ્યા સહિત જુનિયર ડોક્ટરોને સીરોલોજી લેબમાં કલાકો સુધી બેસાડી રાખતા હતા. ઉપરાંત જુનિયર ડોક્ટરો સાથે અપશબ્દોનો ઉપયોગ કરી તેમને અપમાનિત કરવામાં આવતા હોવાના આક્ષેપો પણ તપાસ અહેવાલમાં કરવામાં આવ્યા હતા. આટલું જ નહીં, જુનિયર ડોક્ટરો વિરુદ્ધ પ્રોફેસરો સમક્ષ ખોટી ફરિયાદો કરી તેમને સતત માનસિક રીતે હેરાન કરવામાં આવતા હોવાનો પણ અહેવાલમાં ઉલ્લેખ છે. એન્ટી-રેગિંગ કમિટીના ગંભીર અહેવાલ બાદ મેડિકલ કોલેજના સત્તાધીશોએ ચારેય સિનિયર ડોક્ટરોને છ મહિના માટે સસ્પેન્ડ કર્યા હોવાનું સામે આવ્યું છે. મેડિકલ કોલેજના વહીવટી અધિકારીની ફરિયાદના આધારે ખટોદરા પોલીસે ચારેય સામે BNSની કલમ 127(2) હેઠળ ગેરકાયદે અટકાયત, કલમ 352 હેઠળ ઈરાદાપૂર્વક અપમાન તથા કલમ 54 હેઠળ ગુનો નોંધ્યો છે. હવે પોલીસે ચારેય આરોપીઓની પૂછપરછ કરી રેગિંગની સમગ્ર ઘટનાક્રમમાં તેમની ભૂમિકા અંગે વધુ તપાસ કરશે. દરમિયાન ડો. હર્ષ પંડ્યાના પરિવારને ન્યાય મળે તે માટે એક મહિલા વકીલ તેમજ બ્રહ્મ સમાજ દ્વારા પણ પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવી યોગ્ય અને કડક કાર્યવાહી કરવાની રજૂઆત કરવામાં આવી છે. આ સમગ્ર મામલે પોલીસ તપાસ આગળ વધતાં કેસમાં વધુ વિગતો બહાર આવવાની શક્યતા છે.

### ચારેય સિનીયર....

આવ્યો હતો. આ અંતર્ગત આજે નવી સિવિલ હોસ્પિટલના પ્રશાસન દ્વારા ચારેય સસ્પેન્ડેડ રેસિડેન્ટ ડોક્ટરોના હોસ્ટેલના રૂમ ખાલી કરાવી દેવામાં આવ્યા હતા. સસ્પેન્શનના સમયગાળા દરમિયાન તેઓ હોસ્પિટલની કામગીરી કે શૈક્ષણિક પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહીં. સાથે જ હોસ્ટેલની સુવિધા પણ પરત ખેંચી લેવામાં આવી છે.

એન્ટિ-રેગિંગ કમિટીના પ્રાથમિક અહેવાલમાં ચાર સિનિયર રેસિડેન્ટ ડોક્ટરોની ભૂમિકા સામે આવી હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ ચારેયને છ માસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ચાર ફેકલ્ટીને પણ કારણદર્શક નોટિસ આપવામાં આવી છે. હવે ચારેય સસ્પેન્ડેડ ડોક્ટરોના હોસ્ટેલ રૂમ ખાલી કરાવી દેવામાં આવતા પ્રશાસનની કાર્યવાહી વધુ કડક બની છે.

### 'ઓ મૌસીજી...!'

ગોળ-ગોળ ફરી રહ્યો હતો અને તેની સ્થિતિ અસ્થિર જણાતી હોવાથી ફાયર જવાનોએ અત્યંત સાવચેતીપૂર્વક રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. એક કલાકના ડ્રામા બાદ યુવકને નીચે ઉતારી પોલીસ કાફલા ખાતે નવી સીવીલ હોસ્પિટલ ખાતે સારવાર માટે મોકલી આપાયો હતો. મળતી વિગતો મુજબ યુવક મુળ બિહારના મૈથીલી જીલ્લાના બારસાદ ગામનો વતની છે અને સુરતમાં છુટક કામો કરી ગુજરાન ચલાવે છે. માનસિક હાલત પણ સ્થિર નહી હોવાતી અસટ્ટમ-પટ્ટમ જવાબોના આધારે માંડ તેનુ નામ જયશ્રીરામ ટિંબલીરામ હોવાનું જાણી શકાયું હતું. 100 ફૂટની ઊંચાઈ, નીચે લોકોની ભીડ, ઉપર યુવક અને તેને બચાવવા જીવના જોખમે દોડતા ફાયર જવાનો-આ સમગ્ર ઘટનાએ ઉધનામાં ફિલ્મી માહોલ સર્જી દીધો હતો.

### એક કલાક ડ્રામા ચાલ્યો, પોલીસે અટક કરી પૂછપરછ કરી

યુવક શા માટે આટલી ઊંચાઈએ ચડી ગયો હતો તેનું ચોક્કસ કારણ હજુ બહાર આવ્યું નથી. પોલીસે તેને અટકમાં લઈ પૂછપરછ શરૂ કરી છે. એક કલાક સુધી ચાલેલા આ હાઇવોલ્ટેજ રેસ્ક્યૂ ઓપરેશનનો અંત રાહતભર્યો રહ્યો છે.

### એક તરફ

જવાનોને જાળી સાથે સ્ટેન્ડબાય રાખવામાં આવ્યા હતા. બીજી તરફ ઉપર પહોંચેલા એક જવાનને દોરડાથી સુરક્ષિત રીતે બાંધીને રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. ટીમની સમજાવટ અને સતર્કતાના પગલે અંતે યુવક નીચે આવવા તૈયાર થયો અને તેને સુરક્ષિત રીતે જમીન પર ઉતારવામાં આવ્યો. ફાયર ઓફિસર નરોત્તમ ખલાસીના જણાવ્યા મુજબ, યુવકની માનસિક સ્થિતિ અસ્થિર જણાતી હતી અને તે ઉપર શું કરી રહ્યો હતો તે અંગે સ્પષ્ટતા નહોતી.

# બંગાળની ખાડીમાં નવું લો-પ્રેશર, રાજ્યમાં આગામી ૨૪ કલાક મહત્ત્વના

**પંચમહાલ**-દાહોદ-મહીસાગરમાં આજે અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ, ૧૩૧ તાલુકામાં વરસાદ

ગાંધીનગરઃ હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર-પશ્ચિમ મધ્યપ્રદેશ અને આસપાસના વિસ્તારમાં સક્રિય લો-પ્રેશર યથાવત છે અને તેની સાથે સંકળાયેલું ચક્રવાતી પરિભ્રમણ સમુદ્ર સપાટીથી ૭.૬ કિલોમીટર સુધી વિસ્તરેલું છે. બીજી તરફ ઉત્તર બંગાળની ખાડીમાં પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના કાંઠા નજીક આજે સવારે નવું લો-પ્રેશર સર્જાયું છે.

આ સિસ્ટમ આગામી ૧૨ કલાકમાં વધુ મજબૂત બની વેલ-માર્કડ લો-પ્રેશર બનવાની અને ત્યારબાદ ડિપ્રેશનમાં કેન્દ્રિત થઈ ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધવાની શક્યતા છે. ચોમાસાની ધરી પણ સક્રિય સ્થિતિમાં છે. આ બંને હવામાની સિસ્ટમની અસરને પગલે ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદી ગતિવિધિ વધવાની શક્યતા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સરેરાશ ૧૩૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં સૌથી વધુ ૩.૨૭ ઈંચ વરસાદ પડ્યો છે. બીજી તરફ, ઉત્તર-પશ્ચિમ મધ્યપ્રદેશ અને આસપાસના વિસ્તારમાં સક્રિય લો-પ્રેશર યથાવત રહેવા ઉપરાંત ઉત્તર બંગાળની ખાડીમાં પશ્ચિમ બંગાળ-બાંગ્લાદેશના કાંઠા નજીક નવું લો-પ્રેશર સર્જાતા ગુજરાતમાં ફરી વરસાદી ગતિવિધિ તેજ થવાના સંકેતો મળ્યા છે.

હવામાન વિભાગે આજે પંચમહાલ, દાહોદ અને મહીસાગરમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતાને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. ચોમાસા દરમિયાન ભારે વરસાદ અને પૂર જેવી સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યમાં અત્યાર સુધીમાં ૮૪,૩૧૮ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે, જ્યારે ૯,૭૭૯ લોકોને રેસ્ક્યૂ કરવામાં આવ્યા છે. બંગાળની ખાડી તથા મધ્યપ્રદેશની બે વરસાદી સિસ્ટમના કારણે આગામી દિવસોમાં રાજ્યમાં ફરી ભારે વરસાદનો તબક્કો શરૂ થવાના સંકેતો મળી રહ્યા છે.

### આજે મધ્ય ગુજરાતમાં મેઘતાંડવની શક્યતા

૧૩ ઓગસ્ટે દાહોદ, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ અને તાપીમાં ભારે વરસાદની આગાહી છે. ત્યારબાદ ૧૪થી ૧૮ ઓગસ્ટ દરમિયાન પણ ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ વરસાદી માહોલ રહેવાની શક્યતા છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદી ઝાપટાં પડવાની આગાહી છે.

# સચિનમાંથી પિસ્તોલ અને ૧૦ જીવતા કારતૂસ સાથે યુવક ઝડપાયો

સુરતઃ સચિન પોલીસે સુડા સેક્ટર 3 માંથી દેશી બનાવટની પિસ્તોલ અને ૧૦ જીવતા કારતૂસ સાથે મોહીત હરકેશ પાસવાન (ઉં.વ.૧૯, રહે. સુડા સેક્ટર-૩, સચિન, સુરત, મૂળ અમેઠી, ઉત્તરપ્રદેશ)ને ઝડપી લીધો હતો. તલાશી દરમિયાન આરોપી પાસેથી દેશી બનાવટની એક પિસ્તોલ, 7.65 માર્કાના ૧૦ જીવતા કારતૂસ, મોબાઈલ ફોન અને એક્ટિવા મોપેડ મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂપિયા ૫૬ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. મોહીતે એક મહિના અગાઉ 'સીન સપાટા કરવા' માટે અજાણ્યા ઈસમ પાસેથી પિસ્તોલ, કારતૂસ સહિતનો મુદ્દામાલ રૂપિયા ૫ હજારમાં ખરીદ્યો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

### લગ્નસરાની ખરીદી માટે સુરતમાં આજથી 'આવ્યા 4.0' વેડિંગ એક્ઝિબિશન શરૂ

સુરતઃ આગામી લગ્નસરાની સીઝનને ધ્યાનમાં રાખીને અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ મહિલા શાખા દ્વારા બે દિવસીય વેડિંગ એક્ઝિબિશન 'આવ્યા 4.0'નું આયોજન ગુરુવારથી સિટી-લાઇટ સ્થિત મહારાજા અગ્રસેન પેલેસ ખાતે કરવામાં આવશે. સવારે ૧૦ વાગ્યાથી શરૂ થનારા આ એક્ઝિબિશનમાં લગ્નપ્રસંગને લગતી વિવિધ ચીજવસ્તુઓ એક જ છત હેઠળ ઉપલબ્ધ રહેશે. મહિલા શાખાના અધ્યક્ષ અનુરાધા જાલાને જણાવ્યું હતું કે એક્ઝિબિશનમાં ડિઝાઇનર જ્વેલરી, કપડાં, હોમ ડેકોર, મહેંદી સહિતની વસ્તુઓ રજૂ કરવામાં આવશે. પંચવટી હોલમાં રીયલ ગોલ્ડ, ડાયમંડ અને સિલ્વર જ્વેલરી જ્યારે દ્વારકા હોલમાં બ્રાઇડલ તથા ફેશન વેર, જ્વેલરી, લાઇફસ્ટાઇલ પ્રોડક્ટ્સ, ગિફ્ટિંગ અને વેડિંગ કલેક્શન રજૂ થશે. સુરત ઉપરાંત મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈ સહિતના શહેરોના એક્ઝિબિટર્સ ભાગ લેશે. ઉદ્ઘાટન ડીસીપી નિધિ ઠાકુરના હસ્તે થશે.